


# આહ્વાન

A MONTHLY BULLETIN OF SHAHPUR METHODIST CHURCH



Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.

Email :rev.arvindkhristi@gmail.com
Visit us at : www.shahpurmethodistchurch.com

Pastor : Rev. Arvind R. Khristi
Ph. : 079-25503545 (M) 9913070647



વર્ષ - ૫૧ | ફેબ્રુઆરી - ૨૦૨૩ | પત્ર - ૧૧૪


## ભજનસેવા

પ્રભુ ઈસુમાં વિશ્વાસુ અને પ્રભુ પર પ્રેમ કરનાર વ્યક્તિ, કુટુંબ અને મંડળી માટે પવિત્ર રવિવારની ભજનસેવા ખૂબ જ અગત્યની બાબત છે. જૂના કરાર અને નવા કરારમાં આ શિક્ષણ મળે છે. શરૂઆતના વિશ્વાસીઓ પ્રેરિતોના કૃત્યો ૨:૪૨ પ્રમાણે સંગતને ખૂબ જ મહત્વ અને પ્રાધાન્ય આપતા હતા. આ બાબતમાં દઢતાથી લાગુ પણ રહ્યા. તેઓ પોતાનો સમય સંગતમાં પસાર કરતા હતા. આ રીતે તેઓ પ્રભુ અને વિશ્વાસુઓ પ્રત્યે પ્રેમ દર્શાવતા હતા. પોતાનો પ્રભુ પ્રત્યેનો વિશ્વાસ જાહેર કરતા હતા તથા શિક્ષણ પ્રાપ્ત કરતા હતા.

વ્હાલાઓ આજના ખૂબ જ વ્યસ્ત અને દોડધામના સમયમાં આપણે પ્રભુ પર પ્રેમ અને સંગતમાં મળવાનું ચાલુ રાખીએ છીએ.?

પુનર્નિયમ ૫:૧૨માં કહેવામાં આવ્યું છે કે યહોવા તારા દેવે તને આજ્ઞા આપી તે પ્રમાણે સાબ્બાથ દિવસને પવિત્ર પાળવાનું તું સંભાળ રાખ. પુનર્નિયમ ૫:૧૪ જણાવે છે તે પ્રમાણે દેવ મિસરની ગુલામીમાંથી બહાર લાવ્યા તે યાદ કરતાં સાબ્બાથ દિવસને પવિત્ર પાળવાની આજ્ઞા આપવામાં આવી.

વ્હાલાઓ આ દેવે પ્રભુ ઈસુ ખ્રિસ્ત દ્વારા આપણને પાપની ગુલામીમાંથી છોડાવી અને સ્વતંત્ર કર્યા છે અને સ્વર્ગીય આત્મિક આશીર્વાદથી ભરપૂર કર્યા છે એ બાબતને યાદ કરી પ્રભુની સ્તુતિ-આરાધના કરવા સંગતમાં મળવું જોઈએ.

પ્રભુ ઈસુનું પુનરૂત્થાન અઠવાડિયાના પ્રથમ દિવસે થાય છે. દરેક સુવાર્તામાં આ બાબત જણાવે છે. પ્રભુ ઈસુએ પાપ-મરણ પર વિજય મેળવ્યો અને ઉત્થાન પામ્યા. આ આશીર્વાદને યાદ કરી અઠવાડિયાના પ્રથમ દિવસે આપણે આ પ્રભુના સ્તુતિગાન કરવા અને આભાર માનવા સંગતમાં અવશ્ય આવવું જોઈએ.

વ્હાલાઓ આપણે આપણા સામાજીક પ્રસંગો, કૌટુંબિક પ્રસંગો, વ્યવસાયિક કાર્યો, અભ્યાસના કાર્યોના માટે સમય ફાળવીએ છીએ. તેને ચૂકતા નથી અને ગમે તે ભોગે તે કરીએ છીએ. હા, પ્રભુ તરફથી મળેલા સમયો અને આશીર્વાદ એ જ આપણા માટે પ્રભુ બની જાય છે અને તે રીતે આપણે વર્તીએ છીએ જેને મૂર્તિપૂજા કહી શકાય. શું આપણે પ્રભુને કે પછી પ્રભુએ આપેલા સમય અને આશીર્વાદોને પ્રથમ પ્રાધાન્ય આપીએ છીએ ?

વ્હાલાઓ જે દેવનું છે તે દેવને આપો. અઠવાડિયામાં એક દિવસ પ્રભુને મહિમા આપવા અને ભજનસેવા માટે છે. આ દિવસ અને સમય પ્રભુનાં છે એને તમે પ્રાધાન્ય આપો. આ દિવસ-સમય આપણા અંગત કાર્યો માટે ના વાપરીએ પણ પ્રભુના માટે જ તેનો ઉપયોગ કરો. પ્રેરિતોનાં કૃત્યો ૨૦:૭ પ્રમાણે પ્રભુનો સેવક પાઉલ અને શિષ્યો અઠવાડિયાના પ્રથમ દિવસે રોટલી ભાંગવા અને સંગતમાં મળ્યા હતા. પ્રભુ આપણને અઠવાડિયાનો એક દિવસ તેમનું ભજન કરવા અને સંગતમાં મળવા કૃપા આપો.

## BIRTHDATE IN FEBRUARY

| | |
|---|---|
| ૫/૨ | પ્રિયંકા એન. ક્રિશ્ચિયન |
| ૬/૨ | આશાબેન સી. વરસડા |
| ૮/૨ | જેક માયુષભાઈ રાઠોડ |
| ૯/૨ | કેનેથ એફ. ટેલર |
| ૧૧/૨ | મોનીકાબેન એસ.ડેવિડ |
| ૧૧/૨ | સમીરભાઈ એસ. ભાટિયા |
| ૧૫/૨ | શ્વેતાલી કે.મહિડા (યુ.એસ.એ.) |
| ૧૬/૨ | માયુષભાઈ એ. રાઠોડ |
| ૧૮/૨ | વેલેન્ટીના વી. દાસ |
| ૧૯/૨ | નોએલ એસ. ક્રિસ્ટી |
| ૧૯/૨ | રેની આર. ટેલર |
| ૨૨/૨ | મિલીન્દ આર. કાપડીઆ |
| ૨૨/૨ | મંજુલાબેન એસ. ખ્રિસ્તી |
| ૨૨/૨ | પરેશભાઈ બી. પરીખ |
| ૨૩/૨ | જસ્ટીનભાઈ બી. પરીખ |
| ૨૩/૨ | રોઝેમેરી એ. ખ્રિસ્તી |
| ૨૫/૨ | પ્રકૃતિ એ. ફ્રેન્ક |
| ૨૫/૨ | કોલીન એ. ક્રિશ્ચિયન |
| ૨૫/૨ | અમીષા એન. પરીખ |

## જાહેરાત

- મેથોડિસ્ટ ચર્ચ શાહપુર ૫૦ વર્ષ પૂર્ણ કરે છે તે પ્રસંગે સર્વ પ્રાર્થનામાં રહેશો. જે તે કાર્યક્રમમાં સહકાર આપશો.
- આગામી લેન્ટના દિવસોની મિટીંગોમાં સહકાર આપશો.
- દર શુક્રવારની પ્રાર્થના સંગતમાં હાજરી આપશો.
- દર રવિવારે કુટુંબ સાથે પ્રભુમંદિરમાં હાજરી આપશો.
- આપના દાનો પાળક અને કારભારીશ્રી-ઓને જમા કરાવતા રહેશો.


આ બુલેટીન છાપવાનો તમામ ખર્ચ પ્રભુ પ્રેમી એક દાતા તરફથી મળેલ છે.

## ગત માસના કાર્ય તરફ દૃષ્ટિપાત

- તા. ૧-૧-૨૦૨૩ નવા વર્ષની ભજનસેવા ચલાવવામાં આવી. 'પ્રભુ મન બદલે છે' સંબંધી વચન આપ્યું. ભજનસેવામાં પ્રભુભોજન પળાવવામાં આવ્યું. કારભારીશ્રીઓની વર્ષ દરમિયાનની સેવાઓની કદર કરતાં ગુલાબની કલગી આપી સન્માન કરવામાં આવ્યું. શુભેચ્છાસહ પ્રાર્થના કરવામાં આવી. શ્રી રાજેશભાઈ એસ. ક્રિશ્ચિયન યુ.એસ.એ.થી આવેલ તેઓને બુકે આપી સન્માન કરવામાં આવ્યું.
ભજનસેવા બાદ ચર્ચ ટેરેસ પર નવા વર્ષની શુભેચ્છા આપતું બેનર પ્રાર્થના સાથે છોડવામાં આવ્યું હતું.
ભજનસેવા બાદ સર્વ માટે શ્રી શેરીલ આર. ક્રિશ્ચિયન તરફથી કેક અને ચ્હાની વ્યવસ્થા કરવામાં આવી. તેમાં સર્વ જોડાયા. આભાર.
- તા. ૭-૧-૨૩ ભારતની મેથોડિસ્ટ મંડળીના સ્થાપના દિવસે સિયોન મેથોડિસ્ટ ચર્ચ સાબરમતીમાં રાખેલ સંગતમાં હાજરી આપી. સ્થાનિક ડિસ્ટ્રીક્ટના પાળકો અને લેમેનશ્રીઓએ હાજરી આપી હતી. રેવ. વિજય મેકવાન ડિ.સુ. સાહેબે વચનની સેવા આપી હતી. એક્ઝિક્યુટીવ કાઉન્સિલ એમ.સી.આઈ. સભ્ય તથા કોન્ફરન્સ લે-લીડર શ્રી આલાપભાઈ જે. માસ્ટરે અને એક્ઝિક્યુટીવ બોર્ડ એમ.સી.આઈ. સભ્ય શ્રી વિલ્યમભાઈ વાય. ક્રિશ્ચિયને એમ.સી.આઈ. સંબંધી માહિતી આપી હતી. સ્થાનિક ચર્ચ તરફથી સર્વનો આવકાર કરવામાં આવ્યો હતો. કેક કાપી શુભેચ્છા-પ્રાર્થના કરવામાં આવી હતી. સ્થાનિક પાળક રેવ. બિપિન મેકવાન સાહેબે દાતા ઊભા કરી સર્વ પાળકોને પર્સ ભેટમાં આપ્યું હતું. સ્થાનિક ચર્ચ તરફથી ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.
- તા. ૮-૧-૨૩ રવિવારની ભજનસેવામાં 'બાઈબલ સન્ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. ગુજરાત ઓક્ઝિલિયરી સેક્રેટરી રેવ. ડેવિડ દેસાઈ સાહેબે વચનની સેવા આપી હતી. શ્રીમતી પિન્કીબેન ક્રિશ્ચિયને હાજરી આપી હતી અને ખાનપુર-શાહપુર બ્રાન્ચના સભ્યોનું તથા બ્રાન્ચ સેક્રેટરી શ્રી એન્થનીભાઈ ક્રિશ્ચિયનનું ફૂલોથી બહુમાન કર્યું હતું. આ ભજનસેવામાં શ્રીમતી આશાબેન સી. વરસડાના દિકરી કુ. જીનલ વધુ અભ્યાસ અર્થે લંડન જતા હોવાથી ચર્ચ તરફથી બુકે આપી શુભેચ્છા પ્રાર્થના કરવામાં આવી. શ્રીમતી આશાબેન વરસડા તરફથી સર્વ માટે ચ્હા નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આભાર.
- તા. ૧૮-૧-૨૩ શ્રી ગૌરવકુમાર અને શ્રીમતી મેઘાબેન મેકવાન અરોરાના લગ્નજીવનના ૧૦ વર્ષ પૂર્ણ થતાં Taam Jhaam હોટેલ સિંધુભવન, અમદાવાદમાં ખાસ કૌટુંબિક સંગતનું આયોજન કર્યું હતું. સ્થાનિક પાળકે પ્રાર્થના કરાવી હતી. સર્વ ભોજનમાં જોડાયા હતા.
- તા. ૨૨-૧-૨૩ ભજનસેવામાં યુ.એસ.એ. થી શ્રી વિલ્ડેએ હાજરી આપી વચનની સેવા આપી હતી. રેવ. જશવંત મેકવાન સાહેબે વ્યવસ્થા કરી હતી. બપોરે ૧૨-૦૦ કલાકે અમદાવાદ વેસ્ટ મેથોડિસ્ટ ચર્ચમાં ડિસ્ટ્રીક્ટનું વાર્ષિક મહિલા મંડળ અધિવેશન મળ્યું હતું. તેમાં હાજરી આપી હતી. શ્રીમતી સુધાબહેન વી. મેકવાનની ડિસ્ટ્રીક્ટ મહિલા મંડળ પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી. સ્થાનિક ચર્ચ તરફથી સર્વનો આવકાર કરવામાં આવ્યો અને ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.
- ૨૯-૧-૨૩ મેથોડિસ્ટ ચર્ચ, રાયખડમાં પાસ્ટરેટ કમિટીના સભ્યો માટે સેમિનાર રાખવામાં આવ્યો હતો. જેમાં સ્થાનિક ચર્ચના પાસ્ટોરેટ કમિટી સભ્યોએ સારી સંખ્યામાં હાજરી આપી હતી. ડિ.સુ. રેવ. વિજય મેકવાન સાહેબે તથા રેવ. રવિકાન્ત માસ્ટર સાહેબે અને પરદેશથી આવેલ વક્તાએ શિક્ષણ આપ્યું હતું. ચર્ચ તરફથી સર્વના ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

- **ગતાંક સુધારો :** તા. ૧૭-૧૨-૨૨ શનિવાર સાંજે ૮-૩૦ કલાકે શ્રી મનોજભાઈ સી. ચૌહાણના ઘરે શાહીબાગ અને આજુબાજુ રહેતા સર્વ કુટુંબો તથા ચર્ચના ઘણા કુટુંબો કેરલ્સમાં જોડાયા હતા. શ્રી મનોજભાઈ કુટુંબ તરફથી નાસ્તાની અને ઠંડાપીણાની વ્યવસ્થા કરવામાં આવી હતી. ખૂબ આભાર.

## પાળક દ્વારા મળેલ બર્થડે અને આભાર સ્તુતિના દાન

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી રશ્મિકાંત પી. મહિડા | આ.સ્તુ. | ૧૦૦૦ |
| ૨. | શ્રીમતી વેલેરીબેન એ. ક્રિશ્ચિયન | બર્થડે | ૧૦૦ |
| ૩. | કુ. મિનાક્ષીબેન વી. ક્રિશ્ચિયન | આ.સ્તુ. | ૫૦૦ |
| ૪. | શ્રી એન્થનીભાઈ એસ. ઈમાનુએલ | બર્થડે | ૫૦૦ |
| ૫. | કુ. એનેટ એ. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| ૬. | કુ. શ્રેયાંસી એસ. અર્લિક | બર્થડે | ૫૦૦ |
| ૭. | શ્રી રાજેશ એસ. ક્રિશ્ચિયન (યુ.એસ.એ.) | એ.ફંડ | ૧૦૦૦૦ |
| ૮. | શ્રી રાજેશ એસ. ક્રિશ્ચિયન (યુ.એસ.એ.) | પુ.ફંડ | ૧૦૦૦૦ |
| ૯. | શ્રી એમ્બ્રોઝ એ. પેટ્રીક | સન્ડેસ્કૂલ | ૫૦૦ |
| ૧૦. | શ્રી શામીભાઈ/શ્રીમતી અરૂણાબેન ગામડિયા | લ.દિ. | ૫૦૦ |
| ૧૧. | શ્રીમતી અર્પિતાબેન ડી. હેરી | બર્થડે | ૨૦૦ |
| ૧૨. | શ્રીમતી નિમિષાબેન પી. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| ૧૩. | શ્રી રાજ એસ. શાહ | એ. ફંડ | ૧૦૦૦ |
| ૧૪. | શ્રી રાજ એસ. શાહ | પુ. ફંડ | ૧૦૦૦ |
| ૧૫. | શ્રી નલિનભાઈ આર. ક્રિશ્ચિયન | આ.સ્તુ. | ૫૦૦ |
| ૧૬. | શ્રીમતી ઉર્મિલાબેન આર. સોલંકી | આ.સ્તુ. | ૫૦૦ |
| ૧૭. | શ્રી ડેનિયલભાઈ ડી. ક્રિશ્ચિયન–સુરત દિકરા રોનાલ્ડનું લગ્ન શાર્મિન સાથે થતાં | આ.સ્તુ. | ૧૦૦૦ |
| ૧૮. | શ્રી ડેનીભાઈ એ. હેરી | બર્થડે | ૫૦૦ |
| ૧૯. | કુ. ટ્રીના ડી. હેરી | બર્થડે | ૫૦૦ |
| ૨૦. | શ્રી વિક્ટરભાઈ વી. મેકવાન | બર્થડે | ૫૦૦ |
| ૨૧. | શ્રીમતી મોનિકાબહેન એસ. ડેવિડ | આ.સ્તુ. | ૫૦૦ |
| ૨૨. | શ્રી ગૌરવકુમાર/શ્રીમતી મેઘાબેન એરોરા | લ.દિ. | ૧૦૦૦ |
| ૨૩. | શ્રી નોએલ એસ. ક્રિસ્ટી | આ.સ્તુ. | ૨૦૦ |
| ૨૪. | શ્રી નિલય/શ્રીમતી મેરેલીન ચૌહાણ | લ.દિ. | ૧૦૦૦ |
| ૨૫. | શ્રીમતી એની આકાશ રાઠોડ નવા ઘરના ઉદ્‌ઘાટન પ્રસંગે, અભિનંદન | આ.સ્તુ. | ૨૧૦૦ |
| ૨૬. | શ્રીમતી યાચના શેરીલ ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| ૨૭. | શ્રી શેરીલ/શ્રીમતી યાચના ક્રિશ્ચિયન | લ.દિ. | ૫૦૦ |
| ૨૮. | શ્રીમતી કમળાબેન કે. સોલંકી | બર્થડે | ૫૦૦ |

## નાણાંકીય અહેવાલ નવેમ્બર-૨૦૨૨

| | | |
|---|---|---|
| તા. ૦૧-૧૨-૨૨ ની ઉઘડતી સિલક | | |
| | રોકડ | ૧,૮૬,૦૧૩.૮૮ |
| | બેંકમાં | ૩,૨૦,૭૨૦.૧૪ |
| ડિસેમ્બર-૨૨ માં થયેલ | આવક | ૨,૨૧,૯૮૩.૦૦ |
| | કુલ | ૭,૨૮,૭૧૭.૦૨ |
| તા.૩૧-૧૨-૨૨ ની બંધ સિલક | રોકડ | ૨,૫૩,૬૩૨.૮૮ |
| | બેંક | ૨,૭૯,૦૭૩.૧૪ |
| ડિસેમ્બર-૨૨ માં થયેલ | જાવક | ૧,૯૬,૦૧૧.૦૦ |
| | કુલ | ૭,૨૮,૭૧૭.૦૨ |

શ્રી શરદભાઈ જે. માસ્ટર, ટ્રેઝરર